ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૯ ટકા

# આજથી બાળાઓના ગૌરીવ્રતનો આરંભ

## શહેરમાં વ્રત-તહેવારની મોસમ લાભદાયી રહેવાની વેપારીઓને આશા : પાંચ દિવસ પૂજન-અર્ચનનો મહિમા



**કોરોનાને કારણે તે બાદની મોંઘવારીને કારણે હાલ દરેક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે ત્યારે આ વર્ષે ગૌરીવ્રત નિમિત્તના જવેરાના ભાવમાં ત્રણ ગણો વધારો થયો છે. પહેલા ૩૦ થી ૫૦ રૂપિયામાં મળતા જવેરા હાલ ૧૨૦ રૂપિયાથી ૧૫૧ રૂપિયામાં વેચાઈ રહ્યા છે. સાથે પૂજાપો ૧૦ કે ૧૫ રૂપિયામાં મળતો જે હવે ૪૦ રૂપિયામાં વેચાઈ રહ્યો છે. દાંડીયાનો ભાવ પણ હાલ ૩૦ રૂપિયા છે. આમ ભગવાનનું પૂજન કરવા માટે પણ નગરજનોને મોંઘવારીનો સામનો કરવો પડી રહ્યો છે.**

●●●●●

**કોરોનાને કારણે થયેલા લોકડાઉનમાં દરેક વેપાર ધંધામાં ઘણું નુકશાન થયું છે અને હવે ગૌરીવ્રત સાથે જ તહેવારોની સિઝન શરૂ થાય છે ત્યારે ડ્રાયફ્રુટ, ફરાળી ચીજવસ્તુ, ફ્રુટસ, મિઠાઈ સાથે અનેક ચીજવસ્તુઓ ખરીદવા માટે નગરજનો શહેરની તમામ પ્રકારની ચીજવસ્તુઓનું વેચાણ કરતી દુકાન તરફ પગ માંડશે. તહેવારના આવનાર દિવસો ધંધામાં લાભદાયી રહેવાની નગરના વેપારીઓને આશા છે.**



ગાંધીનગર, તા.૩૦

ભારતીય સંસ્કૃતિમાં જપ, તપ અને વ્રતનું અનેરું મહત્વ છે. નાનાથી લઈ મોટા તમામને બાળપણથી જ વ્રત અને પૂજાનો મહિમા પરિવારજનો દ્વારા સમજાવવામાં આવ છે અને આવી જ રીતે સંસ્કૃતિનો વારસો આગળ વધતો રહે છે. જેમ સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે એવરત-જીવરત કરે છે સાથે બાળકોના લાંબા આયુષ્ય માટે દિવાસોનું વ્રત કરાય છે તેમજ આ બધા જ વ્રત કરતા પહેલા બાળપણથી જ બાળાઓને સારા પતિને મેળવવા માટે દરેકની માતા ગૌરી વ્રત કરવાનું કહેતી હોય છે. અષાઢ સુદ-૧૧થી અષાઢ વદ અમાસ સુધી આ વ્રત થાય છે. એમ લાગે કે બાળાને વ્રત વિશે શું ખબર પડે પણ શાળાએ જતી બાળા કે એક સાથે આજુબાજુના ઘરમાં રહેતી બાળાઓ પોતાની બહેનપણીને આ વ્રત કરતી જોઈ તે પણ ગૌરીવ્રત કરતી થઈ જ જાય છે. ગૌરીવ્રતમાં પાંચ દિવસ સુધી જવેરા વાવી તેની પૂજા સાથે માતા ગૌરીની પૂજા કરાય છે. કહેવાય છે કે આ પાંચ દિવસના વ્રતનો સમયગાળો જે પાંચ કે સાત વર્ષ સુધી કરાય છે તે ભગવાનના આહવાહનનો પ્રારંભ કહેવાય છે.

ગૌરી એટલે માતા પાર્વતી. ગૌરીવ્રત કરવા પાછળનો મહિમા એમ છે કે પાર્વતીજીને જેમ તપ કરીને તેમના પતિ શિવજી મળ્યા તેમ આ ગૌરીવ્રત કરી અને ગૌરીની આરાધના કરી બાળાને શિવજી જેવા પતિ પ્રાપ્ત થાય તેવી તે પ્રાર્થના કરે છે. હિંદુ સંસ્કૃતિ, હિંદુ પ્રતિકોની ઉપાસના કરવામાં માને છે. જેમ કે દીવા, મૂર્તિ, વૃક્ષ દરેકનું પૂજન દૈવિક ભાવ રાખી કરાય છે જેમ જવેરા એ હિંદુ સંસ્કૃતિ અને દેવીના પ્રતિક તરીકે મનાય છે. સ્થિર મૂર્તિમાં વધઘટ થતી નથી પણ જવેરા વાવો એટલે તે ઊગે અને જલસિંચન પણ થાય. વ્રતના પાંચ દિવસોમાં તેની પૂજા થાય અને તે મોટા થાય તે જાણી ભકતને દેવી પ્રતિભાવ આપતા હોય તેમ આનંદ થાય છે. જયારે મૂર્તિનો મહિમા ન હતો ત્યારથી જ આ પ્રથા ચાલતી આવે છે. વાવણી કરવાથી લઈ તેને ઉગતા જોવાનો આનંદ મનનો સંતોષ આપે છે. બાળાઓ ગૌરી વ્રત દરમિયાન સતત પાંચ દિવસ જવેરાની પૂજા કરી પાણી ચઢાવી દેવી પાર્વતીની આરાધના કરે છે અને પાંચ દિવસ મોળુ ખાઈને ઉપવાસ કરે છે. પાંચ કે સાત વર્ષ સતત આ પાંચ દિવસ વ્રત કરી વ્રતની ઉજવણી કરવામાં આવે છે.

નગરના માર્કેટમાં જવેરા વવાઈ ગયા છે અને માર્કેટમાં દેખાદઈ રહ્યા છે. બાળાઓ ઉત્સાહભેર જવેરા અને પૂજાપાનો સામાન ખરીદી આજથી ગૌરીવ્રતનો પ્રારંભ કરશે.

## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા માસ્ક ન પહેરનાર વધુ ૪૩ વ્યક્તિઓ પાસેથી દંડ વસૂલાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે માસ્ક ન પહેરનાર ૪૩ વ્યક્તિઓ પાસેથી જાહેરનામાનો ભંગ કરવા રૂપિયા ૮,૬૦૦ નો દંડ વસૂલ કર્યો છે. તેમજ ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આજરોજ માસ્ક ન પહેરનાર ૧,૩૨૭ વ્યક્તિઓ પાસેથી જાહેરનામાનો ભંગ કરવા બદલ રૂપિયા ૨,૬૫,૪૦૦/- નો દંડ વસૂલ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્ય દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લાના તમામ વિસ્તારમાં કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવાના ભાગરૂપે માસ્ક ન પહેરનાર સામે દંડનીય કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લાના શહેરી અને ગ્રામ્ય કક્ષાએ માસ્ક ન પહેરી ફરતાં વ્યક્તિઓને પકડી પાડવા માટે મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા અલગ અલગ ટીમોની રચના કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આજે સવારથી માસ્ક ન પહેરી ફરતાં વ્યક્તિઓને પકડી પાડવા માટે રચના કરવામાં આવેલી ટીમો કાર્યરત બની હતી. જેમાં સેકટર-૧૬, સેકટર-૨૧ માર્કેટ, ઈન્ફોસીટી વિસ્તાર અને સચિવાલય ખાતે માસ્ક ન પહેરી જાહેરનામાનો ભંગ કરતાં લોકો દંડ કરવામાં આવ્યો હતો. આજે જુના સચિવાલયના બ્લોક નંબર-૫ ખાતે ઉભી રહેલી ટીમ દ્વારા આઠ વ્યક્તિઓને માસ્ક ન પહેરેલા ઝડપી પાડયા હતા. જેમની પાસેથી જાહેરનામાના ભંગ બદલ રૂપિયા ૧૬૦૦/- નો દંડ વસૂલ કર્યો હતો. તેમજ અન્ય ટીમો દ્વારા ૩૫ વ્યક્તિઓને પકડી પાડયા હતા. જાહેરનામાનો ભંગ કરવા બદલ રૂપિયા ૭ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શ્રી મયૂર ચાવડાના આદેશ અનુસાર ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્રએ જિલ્લાના ચાર તાલુકાના વિવિધ સ્થળોએથી આજના દિવસમાં માસ્ક ન પહેરલા હોય તેવા ૧,૩૨૭ વ્યક્તિઓને પકડી પાડયા હતા. જેમાં સેકટર-૨૧ પોલીસ સ્ટેશનને ૧૩, સેકટર-૭ પોલીસ સ્ટેશનને ૯૮, પેથાપુર પોલીસ સ્ટેશનને ૭૩, ડભોડા પોલીસ સ્ટેશને ૫૦, ચિલોડા પોલીસ સ્ટેશને ૧૧૯, દહેગામ પોલીસ સ્ટેશનને ૧૩૮, રખિયાલ પોલીસ સ્ટેશન ૭૧, ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનને ૧૫૯, મહિલા પોલીસ સ્ટેશને ૪૫, અડાલજ પોલીસ સ્ટેશનને ૭૧, કલોલ શહેર પોલીસ સ્ટેશનને ૮૮, કલોલ તાલુકા પોલીસ સ્ટેશને ૭૮, માણસા પોલીસ સ્ટેશનને ૧૩૭, સાંતેજ પોલીસ સ્ટેશને ૩૭, ટ્રાફિક પોલીસ શાખાએ ૧૩૭ અને એલ.સી.બી. શાખાએ ૧૩ વ્યક્તિઓને માસ્ક ન પહેરલા પકડી પાડયા હતા. જેમની પાસેથી જાહેરનામાનો ભંગ કરવા પકડાયેલ તમામ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૨૦૦/- લેખે ૧૩૨૭ વ્યકિતઓ પાસેથી રૂપિયા ૨,૬૫,૪૦૦ નો દંડ વસૂલ કર્યો હતો.



વાહન વ્યવહાર અને ટ્રાફિકના યોગ્ય રીતે સંચાલન માટે મુખ્ય માર્ગો પર વિવિધ ટ્રાફિકના ચિહ્નો દોરવામાં આવે છે. વાહનોની સતત અવરજવર અને વરસાદી પાણીના કારણે આ ચિહ્નો ભૂંસાઈ જાય છે. વાહનોની વધુ અવરજવર ધરાવતા ખ-રોડ પર ઝિબ્રા ક્રોસિંગ સહિતના વિવિધ ચિહ્નો દોરવાનું કાર્ય શરુ કરાયું છે.

## લેકાવાડા પાટીયા પાસેથી દારૂ સાથે યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

લેકાવાડા પાટીયા પાસેથી ચાર બોટલ વિદેશી દારૂ સાથે યુવકને ચિલોડા પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે કુલ રૂ.૫૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો લેકાવાડા પાટીયા પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે સમયે ચિલોડા તરફથી આવી રહેલી અલ્ટો કાર નં. જી.જે.૧૮.એ.એ.-૬૧૬૪ ને ઉભી રખાવી હતી. જવાનોએ અંદર તપાસ કરતા પાછળની સીટમાંથી વિદેશી દારુની ૪ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ અંગે પાસ પરમીટ માંગતા તેની પાસે ન હોવાનું યુવકે જણાવ્યું હતું. પોલીસે યુવકનું નામ પુછતા તેણે મંથન ભરતભાઈ સોલંકી (રહે. સેકટર-૩૦ બ્લોક નં.૬૩૭-૭ બી ટાઈપ) અને મુળ ગામ દહેગામ તાલુકાનું પાલૈયા હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીના જરુરી કાગળો માંગતા તે પણ ન હોવાથી ગાડી પણ તપાસ અર્થે કબ્જે લીધી હતી. ચિલોડા પોલીસે રૂ. ૫૦ હજારની કાર અને રૂ. ૧૨૦૦ ની ૪ બોટલ દારૂ મળી કુલ રૂ.૫૧,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કોવિડ વોર્ડ ૮૦૧માં પાણીના ધાંધીયાથી દર્દીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા.૩૦

વૈશ્વિક મહામારી કોરોનાને પગલે સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગ ખાતે કોવિડ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. આઠમા માળે કોરોના વોર્ડ ઉભો કરાયો છે. જેમાં દર્દીઓ મોટી સંખ્યામાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે કોરોના વોર્ડ ૮૦૧ માં છેલ્લા ત્રણ દિવસથી પાણીના ધાંધીયા શરુ થયા છે. વોર્ડમાં ઉપયોગી વપરાશ માટે પણ પાણી ન આવતા દર્દીઓ અને સ્ટાફના કર્મચારીઓ હેરાન થઈ ગયા છે. પાણી મુદ્દે દર્દીઓએ તંત્રને જાણ પણ કરી હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે વોર્ડમાં પાણીની સુવિધા ઝડપી મળી રહે તે માટે દર્દીઓ રાહ જોઈને બેઠા છે.

મળતી વિગત મુજબ કોરોના એ પાટનગર ગાંધીનગરમાં પણ કોહરામ મચાવ્યો છે. પાટનગર ગાંધીનગરમાં પણ કોરોનાએ અજગરી ભરડો લઈ રહ્યું છે. કોરોનાના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે ત્યારે આરોગ્ય તંત્ર પણ કોરોના સંક્રમણને અટકાવવા માટે રાત દિવસ એક કરી રહ્યું છે. તેમ છતા કોરોનાના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા છે. ગાંધીનગરમાં કોરોના કેસનો આંકડો ૭૦૦ ને પાર કરી ગયો છે. ત્યારે સિવિલ કેમ્પસમાં ઉભી કરાયેલી કોવીડ હોસ્પિટલમાં આઠમાં માળે કોરોનાના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે ૮૦૧ નંબરના વોર્ડમાં છેલ્લા ત્રણ દિવસથી પાણીના ધાંધીયા શરુ થયા છે. વોર્ડમાં પાણી ન આવતા દર્દીઓને ભારે પરેશાની વેઠવી પડે છે. દર્દીઓને સામાન્ય વપરાશ માટે પણ પાણી આવતું નથી. વોર્ડમાં પાણી ન આવતુ હોવાથી દર્દીઓને સ્નાન માટે પણ રાહ જોવી પડે છે. ત્યારે કોરોના વોર્ડમાં પાણીની અગવડતા ઉભી થતા તંત્રના ધ્યાને પણ વાત પહોંચી છે. ત્યારે કોરોના વોર્ડમાં પાણીના પ્રશ્ને દર્દીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ પણ પરેશાન થઈ ગયા છે. ત્યારે કોરોનાના અન્ય વોર્ડમાં પાણી આવે છે ત્યારે ૮૦૧માં પાણી કયા કારણોસર આવતુ નથી તે સમજાતુ નથી. ત્યારે વોર્ડમાં પાણીની સમસ્યા ઝડપી દુર થાય તેમ દર્દીઓ અને સ્ટાફના કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

## ચાર વર્ષથી પિડાતી શ્રમજીવી મહિલાને શહેરના તબીબે દર્દથી મુકિત અપાવી

ગાંધીનગર, તા.૩૦

આજના યુગમાં માનવીનું સ્વાસ્થ્ય એટલું મહત્વનું બની ગયું છે કે એક બિમારી જીવનને અણધાર્યો વળાંક આપી દે તેની ખબર પણ ના પડે. આરોગ્ય વિષયક સારવાર પણ દિન પ્રતિદિન મોંઘી બનતી જાય છે જેના ચક્રવ્યુહમાં જો સામાન્ય માનવી ફસાઈ જાય તો તેની જીંદગીભરની કમાણી પાણીની જેમ વહી જતા વાર નથી લાગતી. જો કે હજુ સમાજમાં એવા પણ તબીબો છે જેઓ દર્દીઓ પાસેથી કેટલાં કમાવા મળશે તેને નહી પરંતુ દર્દીની બિમારી દૂર થાય તેને મહત્વ આપે છે. ગાંધીનગરના સેકટર-૬ની જલારામ હોસ્પિટલના ડૉ. હાર્દિકસિંહ વાઘેલાએ રાયસણના એક શ્રમજીવી મહિલાના ઘૂંટણને બદલવાનું અત્યંત અઘરું ઓપરેશન પાર પાડયું છે તે પણ અન્ય તબીબોએ આપેલા અંદાજ કરતા ચોથા ભાગના ખર્ચમાં જેના કારણે મહિલાનો પરિવાર મોટી આર્થિક સંકડામણથી ઉગરી જવા પામ્યો છે.

રાયસણ ગામના વાલ્મિકી વાસમાં રહેતા ૪૩ વર્ષીય ઉર્મિલાબેન જયતિભાઈ સોલંકીના પગના હાડકાં ઘસાઈ જવા સાથે હાડકામાં ઈન્ફેકશન થવા પામ્યું હતું આ કારણે તેમને ચાલવાનું પણ મુશ્કેલ બન્યું હતું કેમ કે અસહય દુ:ખાવો થતો હતો. ચાર વર્ષની પીડાભરી યાતના દરમિયાન તેમણે ગાંધીનગર તથા અમદાવાદના અનેક તબીબોને બતાવ્યું પરંતુ દરેક મસ મોટા ખર્ચાના અંદાજ સાથે પગમાં સડો હોવાથી ઓપરેશન સફળ થશે કે કેમ તે અંગે શંકા વ્યકત કરી હતી. પગનું મુખ્ય હાડકું ખવાઈ ગયું હોવાથી મોટાભાગના તબીબોએ તો ઓપરેશન સફળ થાય તે શકય નથી તેવું જણાવ્યું હતું. પરંતુ ડૉ. હાર્દિકસિંહ વાઘેલાએ આ અત્યંત અઘરું ઓપરેશન અન્ય તબીબોના અંદાજ કરતા માત્ર ચોથા ભાગના ખર્ચમાં પાર પાડી દેતા ઉર્મિલાબેનના પરિવારે તેમનો આભાર માન્યો હતો. ઉર્મિલાબેનની ઢીંચણની ઢાંકણી બદલ્યા પછી હવે તેઓ દર્દ વગર ચાલતા થઈ જવા પામ્યા છે.



શૈક્ષણિક સંસ્થાઓનું કાર્ય વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કાર પુરા પાડવાનું પણ છે. નવોદય ગુજરાતના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એલ્યુમ્ની એસોસિએશન ઓફ નવોદય ગુજરાત - 'આન' દ્વારા વખતોવખત સમાજને ઉપયોગી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે જે અંતર્ગત તાજેતરમાં કોબા રોડ પરની જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારોની સેવા વસ્તીમાં ૫૦ જેટલાં બાળકોને દૂધ તથા બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## માહિતી ખાતાના વાહનચાલક જે.ડી. વાઘેલા ૩૧ વર્ષની સુદીર્ઘ સેવાઓ બાદ વયનિવૃત્ત

### માહિતી પરિવારના તમામ વાહન ચાલકોએ આપ્યું ભાવભર્યું વિદાયમાન



ગાંધીનગર, તા.૩૦

માહિતી ખાતાના વાહનચાલક જે.ડી. વાઘેલા ૩૧ વર્ષની સુદીર્ઘ સેવાઓ બાદ આજે તેઓ વય નિવૃત્ત થતાં તેમને માહિતી પરિવારના વાહનચાલકશ્રીઓ દ્વારા ભાવભર્યું વિદાયમાન આપવામાં આવ્યું હતું.


માહિતી ખાતાની સમયસરની અને ઝીણવટ ભરી તેમજ ચોકસાઈ પૂર્વકની મહત્ત્વની કામગીરીમાં વાહનચાલકશ્રીઓનું પણ યોગદાન અત્યંત મહત્વનું છે. માહિતી ખાતાનું કામ એક સાંકળ સ્વરૂપે છે ત્યારે સૌ પરિવાર તરીકે કામ કરે છે, એટલે જ સફળતા મળે છે. જે.ડી વાઘેલાએ તેમના આ ૩૧ વર્ષના કાર્યકાળમાં ખાતાની મોટાભાગની શાખાઓમાં અપ્રતિમ સેવાઓ આપીને તેમણે અધિકારી-કર્મચારીઓમાં નામના મેળવી હતી. તેઓ ગમે ત્યારે કોઈપણ સ્ટાફ કે કોઈપણ કર્મચારીને કામ બાબતે ક્યારેય ના પાડી નથી. માહિતી પરિવારના તમામ વાહન ચાલકશ્રીઓએ શ્રી વાઘેલાને વિદાય આપતી વેળાએ કેક કાપી, સોફો-શાલ ઓઢાડીને તલવારની ભેટ આપી રજવાડી ઠાઠથી બહુમાન કર્યું હતું.

નિવૃત થતા શ્રી જે.ડી વાઘેલાએ કહ્યું હતું કે, માહિતી ખાતાએ મને જે પ્રેમ અને સહયોગ આપ્યો છે એને હું ક્યારેય ભૂલી શકું તેમ નથી. તેમણે ઉમેર્યું કે ખાતાને જ્યારે પણ મારી જરૂર પડે અને મને બોલાવશે તો હું સેવાઓ આપવા સદાય તત્પર રહીશ. તેમણે તમામ અધિકારી-કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## ગુજરાત સાયન્સ સિટી દ્વારા મેથ મેજિક પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગુજરાત સાયન્સ સિટીના મેથ મેજિક પર એક આકર્ષક ઈન્ટરેક્ટિવ ઇ-વર્કશોપમાં નિષ્ણાંત ડો. મુમુક્ષુ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શીખવ્યું કે જાદુ ઉપર તર્ક કેવી રીતે પ્રબળ છે. ગાંધીનગરની પંડિત દિનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીના ડો. મુમુક્ષુ ત્રિવેદીએ ગાણિતિક ભ્રમ ઉભો કરવા અને લોકોને મૂંઝવવા માટે બીજગણિતના ઉપયોગ વિશે સમજાવ્યું હતું. તેમણે કેટલાંક અઘરા સમીકરણો સરળ બીજગણિતનો ઉપયોગ કરીને ઉકેલ્યા હતા જેમાં ભાઈ-બહેનોની સંખ્યા કેવી રીતે નક્કી કરવી તે સમજાવ્યુ હતું.




ડો.ત્રિવેદીએ સુડોકુ રમતના રહસ્યો ખોલ્યા હતા. મિસ્ટ્રી બોક્સ પઝલમાં મેટ્રિક્સ એપ્લિકેશનનો ઉપયોગ કરીને તેમણે થોડી જ મિનિટોમાં સુડોકુને ઉકેલવાની પદ્ધતિ સમજાવી. ડો.ત્રિવેદીએ જણાવ્યું કે કેવી રીતે ટેકનોલોજી, તબીબી અને નાણાં ક્ષેત્રની જટિલ સમસ્યાઓ હલ કરવા માટે ગણિતનો ઉપયોગ થાય છે. તેમણે એકીકરણના ઉપયોગનું ઉદાહરણ આપ્યું જેનો તબીબી ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે. વર્તમાન મહામારી કોવિડ-૧૯નો ઉલ્લેખ કરતા ડો.ત્રિવેદીએ કોરોના વાયરસના પ્રસારની ગણતરી માટે વૃદ્ધિનું સમીકરણનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જણાવ્યું હતું. પછી તેમણે સડવાની પ્રક્રિયા નક્કી કરવા માટે કેવી રીતે વિકલન ગણિતનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તે પણ સમજાવ્યું હતું.

## માહિતી ખાતાના સ્ટેનોગ્રાફર એ.કે.પટેલ વયનિવૃત



માહિતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવતા એ.કે.પટેલ આજે વય નિવૃત થતા માહિતી પરિવારના સભ્યો દ્વારા તેમને શાલ ઓઢાડી બહુમાન સાથે ભાવભરી વિદાય આપવામાં આવી હતી. આ પ્રસંગે અધિક માહિતી નિયામક અરવિંદ પટેલે તેમનું નિવૃત્તિ જીવન નિરોગી રહે અને ભગવાન તેમને દીર્ઘાયુ અર્પે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

## ચિરવિદાય

- સ્વ. કાનજીભાઈ લવજીભાઈ ચૌહાણ, ઉ.વ. ૬૫, મુ. સોલ, તા.માંડલ
- સ્વ. છનાજી માલાજી ઠાકોર, ઉ.વ. ૪૭, ધોળાકુવા
- સ્વ. અંબાલાલ બબાભાઈ પટેલ, ઉ.વ. ૭૦, મુ.ડીંગુચા, તા.કલોલ
- સ્વ. જીવણજી જસંગજી સોલંકી, ઉ.વ. ૫૮, આતાજીના છાપરા, ડભોડા
- સ્વ. શૈલેષકુમાર મથુરભાઈ પારેખ, ઉ.વ. ૪૬, તા. કલોલ